## બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# ઈસુ આંધળાને સાજો કરે છે




લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Janie Forest
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
અનુકૂલન : Ruth Klassen



60 વાર્તા 50

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*



પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.


ગુજરાતી

Gujarati

બાર્તિમાય નામનો એક વ્યક્તિ યરોખોના માર્ગની બાજુમાં બેસીને, ભીખ માંગતો હતો. જ્યારે લોકો ત્યાંથી પસાર થતાં તેમાંથી કોઈ દયાળુ, તેને નાણાંનો સિક્કો કે ખાવાનો ટૂકડો આપતા હતાં. હવે આ બાર્તિમાય આંધળો હોવાથી કોઈ કામ કરી શકતો ન હતો. તે ફક્ત ભીખ માંગતો.



1

એક દિવસે ધોરી રસ્તો ખૂબ જ વ્યસ્ત હતો. બાર્તિમાયે કોઈના પગલાંનો અવાજ સાંભળ્યો. કોઈ અસાધારણ બાબત બની રહી હતી.



2



આ આંધળાને ખબર પડી કે શું થવા જઈ રહ્યું છે. નાઝરેથનો ઈસુ આ નગરમાં આવ્યો હતો. લોકોના ટોળા ઈસુને જોવા અને સાંભળવા એકઠા થયા હતાં.
3
“ઈસુ દાઉદના દીકરા મારા પણ દયા કર.” શા માટે બાર્તિમાયે બૂમો મૂકી હશે? શા માટે તેણે એ વિચાર્યું કે ઈસુ તેને મદદ કરી શકે છે? કદાચ તેણે સાંભળ્યુ હતુ કે ઈસુએ બીજા ઘણા લોકોને સાજા કર્યા હતા.
4
જેમાંના ઘણા બહેરા, મૂંગા અને લંગડા હતા, અને અમૂક આંધળા પણ હતા. જેમ કે બાર્તિમાય હતો. “દાઉદના દીકરા મારા પર દયા કર.” બાર્તિમાય ફરી ફરીને ઘાંટો પાડતો રહ્યો. તેના અવાજમાં આશાની ઘંટળી વાગી.
5
બાર્તિમાયને વાતની ચોક્કસ ખબર હતી. જો તે આજે તક નહીં મળી તે ફરી કદી મળવાની ન હતી. ઈસુ ત્યાંથી ફરી કદી પસાર ન પણ થાય.
6
બાર્તિમાયે ઈસુ સુધી પહોંચવાનું જરૂરી હતું. પણ લોકો આઘા ખસ્યા નહી. “અરેરે ...!” તેઓએ કહ્યું તેઓએ તેને ચૂપ રહેવાનું કહ્યું.
7
પણ બાર્તિમાય શાત રહ્યો નહી. તેણે બુમો પાડવાનું ચાલુ રાખ્યું. એકાએક ઈસુ ઉભા રહી ગયા! એમણે સાંભળ્યું! તેણે હુકમ કરીને આંધળા માણસને તેડી મંગાવ્યો. “ઊભો થા, તે તને બોલાવે છે.”
8


તેની પાસે જે લૂગડું હતું તે નાખી દઈને બાર્તિમાય ઉભો થઈને ઈસુની પાસે પહોંચ્યો.
9
“તમે શું ઈચ્છો છો કે હું તમારા માટે કરું?” ઈસુએ પૂછ્યું. શું તમે ત્યાં હોત તો કઈ રીતે જવાબ આપ્યો હોત. શું તમે ઘણા પૈસા અને સારા નવા કપડા માંગ્યા હોત. બાર્તિમાયને તે બહુ જરૂરી હતું?
10
ના, આંધળા બાર્તિમાયે ઈસુની પાસે સોનું કે સારા કપડા ન માંગ્યા. તમે જાણો છો તેને શેની જરૂર હતી.
11
“પ્રભુ મને મારી દૃષ્ટિ આપો.” બાર્તિમાય જોવા માંગતો હતો! ઈશ્વરની ઉત્પત્તિની સઘળી બનાવટ - જેમ કે વૃક્ષો, પક્ષીઓ બધું જ જોવા માંગતો હતો.
12
જો તે સાજો થઈ જાય તો તે પોતાની સંભાળ લઈ શકે અને તે ભિખારી બની રહેવા માંગતો ન હતો.
13
ત્યારબાદ ઈસુએ બાર્તિમાયને કહ્યું, “તું દેખતો થા, તારા વિશ્વાસે તને બચાવ્યો છે.”
14













ઈસુ આંધળાને સાજો કરે છે

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માર્ક ૧૦, લૂક ૧૮, યોહાન ૯

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે : વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.